| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અરજી દાખલ તારીખ | | | | ૨૭/૦૧/૨૦૨૫ | | | |
| દાવો પ્રાપ્ત તારીખ | | | | ૨૭/૦૧/૨૦૨૫ | | | |
| દાવો ફેસલ તારીખ | | | | ૧૫/૧૦/૨૦૨૫ | | | |
| અવધી | ૦૦ | વર્ષ | ૦૮ | માસ | ૧૮ | દિવસ | |

# મહેરબાન ત્રીજા અધિક સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, વાપી.

## દિવાની પરચુરણ અરજી નંબર ૦૩/૨૦૨૫

**અરજદાર** :- સ્નેહલ પ્રકાશભાઈ શાહ તે જયંતીલાલ ગુલાબચંદ શાહની,
પુત્રી, ઉ.આ.વ. ૫૮, ધંધો : ઘરકામ,
રહે. સાફલ્ય પાર્ક, ન્યુ અલ્કાપુરી, ગૌત્રી, વડોદરા.

**// વિરુધ્ધ //**

**સામાવાળા** :- (૧) સરલાબેન જયંતીલાલ શાહ, ઉ.આ.વ. ૮૪

(૨) કેતનકુમાર જયંતીલાલ શાહ, ઉ.આ.વ. ૬૧

(૩) જીનેશકુમાર જયંતીલાલ શાહ, ઉ.આ.વ. ૫૭

(૪) અભયકુમાર જયંતીલાલ શાહ, ઉ.આ.વ. ૫૫

તમામ ધંધો : ખેતી, રહે. શાંતીનગર, અલ્કા પુરી
સોસાયટી, વાપી, તા. વાપી, જી. વલસાડ.

(૫) બેંક ઓફ ઇન્ડીયા જેની મુખ્ય કચેરી સ્ટાર હાઉસ
સી-૫, જી બ્લોક, બાંદ્રા, કુંર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા,
મુંબઈ જેની શાખા એમ.ડી.આઇ બીલ્ડીંગ પહેલા
માળે, ૨૮ એસ.વી. રોડ, અંધેરી (ઇસ્ટ), મુંબઇ

(૬) સીડીકેટ બેંક જેની મુખ્ય કચેરી ઇન્ડસ્ટ્રીયલ
ફાયનાન્સ શાખા, ત્રીજા માળે, ૧૦ હોમજી સ્ટ્રીટ ફોર્ટ,
મુંબઈ–૪૦૦૦૨૩.

(૭) રીયલ ડાયમંડ મલ્ટીટેડ પ્રાઈવેટ લીમીટેડ
રજીસ્ટી ઓફીસ ૨૧/૨૩, મુંબાદેવી મેશન,
બીજે માળે, શોપ નં. ૧૪/એ, ધનજી સ્ટ્રીટ, મુંબઈ– ૪૦૦૦૦૩

(૮) પ્રવીણ ચંપાલાલજી પારેખ તે રીયલ ડાયમંડ પ્રાઈવેટ
લીમીટેડના ડીરેક્ટર, ઉ.આ.વ. ૫૭, ધંધો : વેપાર,

(૯) શ્રીમતી દમયંતી પ્રવિણ પારેખ તે રીયલ ડાયમંડ
પ્રાઈવેટ લીમીટેડના ડીરેક્ટર, ઉ.આ.વ. ૫૭,ધંધો : વેપાર

બાબત :– ***ભારતીય સમય મર્યાદા કાયદાની કલમ–૫ હેઠળ વિલંબ માફી બાબત.***

---

**અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી** :– જે.એલ.ગાંધી.
**સામાવાળા નંબર તર્ફે ૬ તરફે વિધ્વાન વકીલ શ્રી** :– વી.એમ.સહાની.
**સામાવાળા નંબર તર્ફે ૧ થી ૫ તથા ૭ થી ૯** :– એક તરફી

---

**// આંક–૧ લગત હુકમ //**

(૧) અરજદારની અરજીની હકીકત એવી છે કે અરજદારે કરેલ દાવામાં વાદીના કાયદેસરના હકક , હીત અને અધિકાર સમાયેલ છે અને આ કામે દાવાવાળી મીલકત વાદીના વડીલો તરફથી ઉતરી આવેલ મીલકત છે અને તેમાં તેમનુ હીત સમાયેલ છે. વાદીએ તેમના હક્ક , હીત , અધિકાર પ્રાપ્ત કરવા માટે સદર દાવો કરેલ છે અને તે સંજોગોમાં દાવાનો નિર્ણય પુરાવો લઈ નામદાર કોર્ટ કરે તો તેઓ વાદીના હકક અને અધિકારને તથા તેમના હિતના રક્ષણ થાય એમ છે. સદર દાવો વાદીની ગેરહાજરીને કારણે નામદાર કોર્ટે તારીખ ૨૨ / ૦૯ / ૨૦૨૩ના રોજ રદ કરેલ છે અને નામદાર કોર્ટ હુકમમાં નોંધેલ છે કે વાદીને દાવો

આગળ ચલાવવામાં રસ નથી પરંતુ વાદી આ દાવો ચલાવવા માટે તત્પર છે કારણ કે દાવાવાળી મીલકતમાં વાદીના હક્ક , હીત , અધિકાર સમાયેલા છે અને આ દાવો તેમની ગેરહાજરીને કારણે રદ કરવામાં આવેલ છે તે કારણે વાદીના મુળભુત અધિકારોને નુકશાન થાય એમ છે. વધુમા વાદીએ નામદાર કોર્ટમાં સદર તારીખ ૨૨ / ૦૬ / ૨૦૨૩ નારોજ હાજર રહી શકીએ એમ ન હતા કારણ કે દાવાના કામે તેઓએ રોકેલ એડવોકેટ દ્વારા જરૂરી અરજી આપવામાં આવી ન હતી અને તે કારણે તેમનો દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવેલ છે અને વાદી બીમારીમાં સપડાઈ જતા અને વાદી પાસે વાપી મુકામે અન્ય એડવોકેટ રોકવા માટે કોઇ વ્યવસ્થા ન હતી તેમજ તેમની બીમારી બાબતે નામદાર કોર્ટમાં રીર્પોટ રજુ કરી મુદત મેળવી શકે એમ ન હતા અને તેથી તારીખ ૨૨ / ૦૬ / ૨૦૨૩ ના રોજ વાદી અનિવાર્ય સંજોગોને કારણે હાજર રહી શકેલ નથી. વાદીની બીમારીને કારણે સદર દાવામાં તેમની ગેરહાજરી થવા પામેલ છે અને તેથી નામદાર કોર્ટે દાવો રદ કરેલ છે પરંતુ તેમની બીમારીને કારણે તેમના હકકો, અધિકારોને જો આ અરજ મંજુર કરી દાવો પુનઃસુનાવણી માટે નામદાર કોર્ટના રેકર્ડ ઉપર લેવા માટે વાદી તરફે અલાયદી અરજી આપવામાં આવેલ છે પરંતુ સદર અરજ કરવા બાબતે હાલે એક વર્ષ પાંચ માસનો વિલંબ થવા પામેલ છે સદર વિલંબ વાદીના તરફે જાણી બુઝી અને ઈરાદા પુર્વક કરવામાં આવેલ નથી અને વાદી શારીરીક રીતે બીમાર હોવાથી નામદાર કોર્ટમાંથી નકલો મેળવી અરજી કરી શકેલ નથી અને જે તે સમયે તેઓએ રોકેલ એડવોકેટ છુટા થઇ ગયેલ હતા અને તેથી રૂબરૂ અન્ય એડવોકેટને મળી તેઓને રોકવા તથા કેસના કાગળો આપવા અને વિગતો સમજાવવા બાતબે તેઓ રૂબરૂ હાજર રહી શકેલા નહી કારણ કે તેઓ બીમાર હતા અને તે સંજોગોમાં વિલંબ થવા પામેલ છે સદર વિલંભ થવા માટેનું કારણ

તેમની બીમારી હતી જે અંગે અલગથી ડોક્ટરી સર્ટીફીકેટ રજૂ કરેલ છે. આ અરજ મંજુર કરવામાં આવે તો સામાવાળા પ્રતિવાદીઓને કોઈ પ્રેજ્યુડીશ કે નુકશાન થાય એમ નથી જયારે વાદીનો દાવો રીસ્ટોર કરવા માટેની અરજી અંગે થયેલ વિલંબ માફ કરવામાં ન આવે તો વાદીને પોતાના હક્ક હીત , અધિકાર બાબતના મુળભુત અધિકારોથી વંચીત થવુ પડે એમ છે અને વાદીના મુળભુત મિલકતો સબંધીના કાયદેસરના હકક , હીત , અધિકાર નષ્ટ પામે તેમ છે અને તેમ થાય તો જેથી વાદીએ હાલની અરજીમા એવી દાદ માંગેલ છે કે નામદાર કોર્ટે રેગ્યુલર દિવાની મુકદ્દમા નંબર ૫૭ / ૨૦૧૩ ના કામે આંક – ૧ હેઠળ હુકમ કરી વાદીનો દાવો ગેરહાજરીના કારણે ડીસમીસ કરેલ છે તે હુકમ રદ કરવા બાબતની અને દાવો પુનઃસ્થાપીત કરવા બાબતની અરજી અંગે થયેલ વિલંબ માફ કરવા ચોગ્ય તે હુકમ કરવા અરજ કરેલી છે.

(૨) અરજદારની અરજીની નોટીસ કરતા સામાવાળા નંબર ૧ થી ૪ ને બેલીફ દ્વારા નોટીસ કરવામા આવેલી હતી અને તે બજી ગયેલી હતી. જ્યારે સામાવાળા નંબર ૫ ને આર . પી. એ . ડી. દ્વારા નોટિસ આપવામાં આવી હતી જે પણ બજી ગયેલી હતી અને સામાવાળા નંબર ૭ , ૮ અને ૯ ને નિશાની ૧૪ / ૧ હેઠળ જાહેર સમન્સ દ્વારા નોટિસ બજાવામા આવેલી હતી. આ નોટિસો બજી ગયા બાદ પણ સામાવાળા નંબર ૧ થી ૫ , ૭ , ૮ અને ૯ તરફથી કોઈ હાજર થયેલ ન હોવાથી તેમની સામે આ અરજીની કાર્યવાહી એકતરફી રીતે ચલાવાનો હુકમ કરવામા આવેલ છે. આ કામે સામાવાળા નંબર – ૬ ને નોટીસ બજતા અરજદારની અરજીના જવાબમાં આંક – ૧૫ દ્વારા લેખિત જવાબ રજુ કરલ છે જેમાં તેમણે એવી હકીકત જણાવેલ છે કે વાદીને ડીલે અરજી પેરા નંબર ૧ માં જણાવેલ હકીકત ખરી નથી અને કબુલ નથી મંજુર નથી. ખરી હકીકતમાં આ

કામના વાદીના પિતાશ્રી નામે જયંતિલાલ ગુલાબચંદ શાહએ તારીખ ૧૬ / ૦૯ / ૧૯૯૫ ના રોજ દસ્તાવેજ નંબર ૨૧૭૪ થી પારડી સબ રજીસ્ટ્રાર સમક્ષ રજીસ્ટર્ડ થયેલ છે જેમાં જયંતિલાલ ગુલાબચંદ શાહનાઓએ કેતનકુમાર જયંતિલાલ શાહ , જીનેશકુમાર જયંતિલાલ શાહ , અભયકુમાર જયંતિલાલ શાહ ના ઓને વેચાણથી આપી દીધેલ છે. જે મુળ દાવાના કામે પ્રતિવાદી નંબર ૨ થી ૪ નાઓ તથા ડીલે અરજીમાં સામાવાળા નંબર ૨ થી ૪ નાઓને જોડવામાં આવેલ છે. વાદીના પિતાશ્રી જયંતિલાલ ગુલાબચંદ શાહનાઓએ પોતાની હયાતી દરમ્યાન આ કામના પ્રતિવાદી નંબર ૨ થી ૪ નાઓને વેચાણથી આપી દીધેલ છે. ત્યારબાદ ૧૬ / ૦૯ / ૧૯૯૫ ના રોજથી પ્રતિવાદી નંબર ૨ થી ૪ નાઓ માલિક મુખત્યાર થતા આવેલ છે જે અંગેની એન્ટ્રી નંબર ૨૪૮૯ તથા ૧૦૩૨૬થી ૭ / ૧૨ માં પણ પાડવામાં આવેલ છે. વધુમાં જયંતિલાલ ગુલાબચંદ શાહ ધ્વારા કેતનકુમાર જયંતિલાલ શાહલ જીનેશકુમાર જયંતિલાલ શાહલ અભયકુમાર જયંતિલાલ શાહ વેચાણ કર્યા બાદ સદર માલિકો પૈકી કેતનકુમાર જયંતિલાલ શાહનાઓએ એટલે કે પ્રતિવાદી નંબર ૨ સદર જમીન પર બાંધકામ કરવા વાપી નગર પાલિકામાં તારીખ ૦૬ / ૧૧ / ૨૦૦૧ના રોજ અરજી કરેલ તે પણ આ સાથે સામેલ છે તેમજ આ કામના પ્રતિવાદ નંબર ૨ થી ૪ નાઓએ આ કામના પ્રતિવાદી નંબર ૭ થી ૯ નાઓને વાદગ્રસ્ત મિલકતના હક્ક અને અધિકાર આપેલ જેની રૂએ આ કામના પ્રતિવાદી નંબર ૭ થી ૯ ના ઓ એ બેન્ક ઓફ ઈન્ડીયા મુળ દાવાના પ્રતિવાદી નંબર ૫ તથા ૬ ના સીન્ડીકેટ બેન્કમાંથી લોન લીધેલ જે લોન એન . પી. એ થઈ જતા સદર મિલકત સરફેશીની કાર્યવાહી દરમ્યાન અન્ય ત્રાહિત વ્યક્તિને ઓક્શનમાં વેચાણથી આપી દીધેલ છે. આમ , દાવાના વાદગ્રસ્ત મિલકતમાં આ દાવાના મુળવાદીનો કોઈ હક્ક કે હિત હિસ્સો સમાયેલ હોય અને તેને નુકશાન થયેલ

હોય તેવું બનેલ નથી. આમ , આ કામના મુળ વાદીના પિતાશ્રીએ પોતાની હયાતિમાં જ સદર વાદગ્રસ્ત મિલકતનો દસ્તાવેજ પ્રતિવાદી નંબર ૨ થી ૪ ના લાભમાં કરી આપેલ . જેથી આ કામના મુળ વાદીને આ પ્રકારનો કોઈ દાવો કરવાનું કારણ કે કોઝ ઓફ એકશન ઉત્પન્ન થતુ નથી. ખરી હકીકતમાં વાદીનો વાદગ્રસ્ત મિલકતમાં કોઈ હક્કલ હિત કે અધિકાર સમાયેલું નથી. જેથી વાદીએ આ પ્રકારનો કોઈ દાવો કરવાનો હક્ક કે અધિકાર ઉપસ્થિત થતો નથી. આ કામના વાદીએ ડીલે અરજીમા જે દાદ માંગવામાં આવેલ છે કે દાદ વાદીને આપી શકાય તેમ નથી. વાદી આ પ્રકારનો કોઈપણ દાવો કરવા માટે હક્ક કે અધિકાર ધરાવતા નથી. વાદીને મિલકતમાં પોતાનો હક્ક , હિત , હિસ્સો ચાલી આવેલ છે તેવી જણાવેલ છે તે મિલકત વાદીના પિતાશ્રીએ પોતાની હયાતીમાં જ આ કામના પ્રતિવાદી નંબર ૨ થી ૪ નાઓને વેચાણ દસ્તાવેજ નંબર ૨૧૭૪ થી તારીખ ૧૬ / ૦૯ / ૧૯૯૫ ના રોજ વેચાણ આપી દીધેલ છે. આમ , આ દાવાના મુળ વાદીનો આ વાદગ્રસ્ત મિલકતમાં કોઈ પણ જાતનો હક્ક , હિત , હિસ્સો લાગતો ન હોય સદર દાવો મુળથી રદ થવાને પાત્ર છે. આ કામના પ્રતિવાદી નંબર ૨ થી ૪ ના સામે રેગ્યુલર અપીલ નંબર ૭ / ૨૦૨૨ બેન્ક ઓફ ઈન્ડીયા વિરૂધ્ધ કેતનકુમાર જયંતિલાલ શાહ એન્ડ અધર્સ ફાઈલીંગ તારીખ ૦૫ / ૦૮ / ૨૦૨૧ ના રોજ ડી. આર . એ . ટી. મુંબઈ મુકામે અપીલ ફાઈલ થયેલ છે જે હાલ પેન્ડીંગ છે. રેગ્યુલર અપીલ નંબર ૮૧ / ૨૦૨૨ સ્નેહલ પ્રકાશભાઈ શાહ વિરૂધ્ધ બેન્ક ઓફ ઈન્ડીયા ડાયરી નં ૪૩ / ૨૦૨૨ તારીખ ૩૦ / ૦૩ / ૨૦૨૨ ના રોજ ડી. આર . એ . ટી. મુંબઈ મુકામે ફાઈલ થયેલ છે જે પણ હાલ પેન્ડીંગ છે. રેગ્યુલર અપીલ નંબર ૨૧ / ૨૦૨૧ બીનાબેન બીપીનચંદ્ર પટેલ વિરૂધ્ધ કેતન જયંતિલાલ શાહ તારીખ ૦૫ / ૦૮ / ૨૦૨૫ ના રોજ ડી. આર . એ . ટી. મુંબઈ મુકામે ફાઈલ થયેલ છે જે પણ હાલ પેન્ડીંગ

છે. આમ, આ વાદગ્રસ્ત મિલકતમાં ડી.આર.ટી. તથા ડી.આર.એ.ટી. મુંબઈમાં અપીલ પેન્ડીંગ છે.

(૩) અરજી વંચાણી લીધી. બંને પક્ષકારોની દલીલો સાંભળી. કેસનું રેકોર્ડ ધ્યાને લીધું. હાલની અરજી વાદી તરફે તેનો દાવો ગેરહાજરીને કારણે કોર્ટ દ્વારા જે કાઢી નાખવામાં આવેલો છે તે દાવો રીસ્ટોર કરવામાં જે વિલંબ થયેલો છે એ વિલંબ માફ કરવા માટેની દાખલ કરેલી છે. જે ધ્યાને લેતા વાદીએ તેની અરજી માં જે હકીકતો જણાવેલી છે તે મુજબ સમય મર્યાદા અધિનિયમની કલમ –૫ વંચાણે લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

***5. Extension of prescribed period in certain cases.— Any appeal or any application, other than an application under any of the provisions of Order XXI of the Code of Civil Procedure, 1908 (5 of 1908), may be admitted after the prescribed period if the appellant or the applicant satisfies the court that he had sufficient cause for not preferring the appeal or making the application within such period. Explanation.—The fact that the appellant or the applicant was misled by any order, practice or judgment of the High Court in ascertaining or computing the prescribed period may be sufficient cause within the meaning of this section.***

ઉપરોક્ત કલમમાં એવું જણાવેલું છે કે જ્યારે નિયત કરેલી સમય મર્યાદા બાદ કોઈ અપીલ કે અરજી દાખલ કરવાની થાય તો અરજદાર પૂરતું અને વ્યાજબી કારણ સમય મર્યાદામાં દાખલ ન કરવા માટેનું જણાવે તો કોર્ટ તે ધ્યાને લઈને પણ સમય મર્યાદા વીતી ગયા બાદ પણ અરજી દાખલ કરી શકાય. જે ધ્યાને લેતા વાદીએ તેની અરજીમાં એવી હકીકત જણાવેલી છે કે જે દિવસે દાવાની સુનવણી હતી તે દિવસે તેમના વકીલ શ્રી એ હાજર રહેલા નહી અને તે છુટા થઈ

ગયેલા અને તેઓ બિમારીના કારણે નવા વકીલ રોકી શકેલા નહી જેથી હાજર ન રહેવાને કારણે કોર્ટે ગેરહાજરીમાં કેસ કાઢી નાખવાનો હુકમ કરેલો હતો અને તેમના વકીલ શ્રી એ અરજદારને જાણ કરેલી ન હતી અને બીમારીના કારણે તેઓ નવા વકીલ રોકી શકેલા નહી. જેથી તેઓએ નકલ મેળવ્યા બાદ તેઓએ હાલની અરજી દાખલ કરેલી જેમાં ૧ વર્ષ ૫ માસનો સમય પસાર થયેલો છે તેવું જણાવેલ છે. આ કામ ના પ્રતિવાદી તરફે જે જવાબ આપવામાં આવેલો છે તે જવાબમાં કોઈ કોઈ સ્પષ્ટ હકીકતો જણાવેલી નથી માત્ર ઈનકાર્થ ત સ્વરૂપ નો જવાબ આપેલો છે અને વાદીની અરજીનો ઈનકાર કરેલ છે અને દાવાની તકરારી હકીકતને લગતી હકીકતો જણાવેલ છે. આ કામ આ કામે અરજદારે દાવો ગેરહાજરીના કારણે નિકાલ થઈ ગયા બાદ ૩૦ દિવસ બાદ વાદીએ હાલની અરજી ૩૦ દિવસની અંદર કરેલી નથી અને ૩૦ દિવસનો સમય વીતી ગયા બાદ અરજી કરેલા નું જણાઈ આવે છે જે ધ્યાને લેતા દાવાનો ગુણદોષ ઉપર નિકાલ થયેલો ન હતો અને દાવો સાંભળવા માટે હતો અને તે દિવસે વકીલ શ્રી ગેરહાજર રહેલા જેથી દાવો કાઢી નાખવામાં આવેલ હતો જેથી અરજદારે તેની અરજીમાં જે કારણ જણાવેલું છે તે મુજબ વકીલ શ્રીને તારીખ પૂછવાની ફરજ વાદીની ફરજ છે અને વકીલ શ્રી ની પણ ફરજ છે તેઓ તેના અસીલ ને તારીખ ની અને કેસની કાર્યવાહીની જાણ કરે પરંતુ વાદીના વકીલ શ્રી વાદીને જાણ કરી શકેલા નથી અને ગેરહાજર રહેલા જેથી તેઓનો દાવો નીકળી ગયેલો હતો. જે ધ્યાને લેતા પક્ષકારોએ સમય મર્યાદામાં અરજી દાખલ ન કરવા માટેનું જે કારણ જણાવેલું છે તે વ્યાજબી અને સંતોષકાર જાય છે કારણ કે કેસની કાર્યવાહી ચલાવવા માટે વાદીએ વકીલ શ્રી ને રાખેલા હતા કારણ કે તેઓ કાયદાની પ્રક્રિયાથી વાકેફ ન હતા માટે વકીલ શ્રી ની પ્રાથમિક ફરજ હતી કે તેઓએ તેના અસીલને જાણ કરવી પડે કારણ કે અરજદારે વકીલશ્રી કેસ ચલાવવા માટે

આપેલો છે અને તેને જાણ કરવાની ફરજ પ્રાથમિક રીતે વકીલ શ્રી ની કહી શકાય કારણ કે વકીલશ્રીની તારીખ ની જાણ ના કરે તેની સજા વાદી ન આપી શકાય અને તેને માટે વાદી એકલાને જ જવાબદાર ન ઠરાવી શકાય અને વાદીએ જે અરજીમાં કારણ જણાવેલું છે તે ન માનવામાં આવે તો વાદીને ન્યાય મળી શકે નહીં અને વકીલ ની ભૂલને કારણે અથવા તો બેદરકારીને કારણે અરજદારને નુકસાન થાય તે વ્યાજબી કહી શકાય નહીં.વધુમા તેઓએ બિમાર હતા તે અંગેનુ પ્રમાણપત્ર પણ નિશાની ૩/૨ થી રજુ કરેલ છે.વધુમા ઢીલ માફ કરવા માટેનુ પુરતા કારણ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો વંચાણે લેવો જરૂરી જણાય છે.

***1. Ram Nath Sao @ Ram Nath Sahu Versus Gobardhan Sao 2002 (3) SCC 195***

*11. Thus it becomes plain that the expression "sufficient cause" within the meaning of Section 5 of the Act or Order 22 Rule 9 of the Code or any other similar provision should receive a liberal construction so as to advance substantial justice when no negligence or inaction or want of bona fide is imputable to a party. In a particular case whether explanation furnished would constitute "sufficient cause" or not will be dependant upon facts of each case. There cannot be a straitjacket formula for accepting or rejecting explanation furnished for the delay caused in taking steps. But one thing is clear that the Courts should not proceed with the tendency of finding fault with the cause shown and reject the petition by a slipshod order in over jubilation of disposal drive. Acceptance of explanation furnished should be the rule and refusal an exception more so when no negligence or inaction or want of bona fide can be imputed to the defaulting party. On the other hand, while considering the matter the Courts*

*should not lose sight of the fact that by not taking steps within the time prescribed a valuable right has accrued to the other party which should not be lightly defeated by condoning delay in a routine like manner. However, by taking a pedantic and hyper technical view of the matter the explanation furnished should not be rejected when stakes are high and/or arguable points of facts and law are involved in the case, causing enormous loss and irreparable injury to the party against whom the lies terminates either by default or inaction and defeating valuable right of such a party to have the decision on merit. While considering the matter, Courts have to strike a balance between resultant effect of the order it is going to pass upon the parties either way.*

જેથી ઉપરોકત ચુકાદાની હકીકત વંચાણે લેતા અને સામાન્ય રીતે સમય મર્યાદા અધિનિયમ ની જોગવાઈ ધ્યાને લેતા વાદીએ દાવોનો નિકાલ  થયા ગયા બાદ ખૂબ જ લાંબા સમય બાદ આવેલ હોય એવું પણ જણાઈ આવતું નથી કારણ કે વાદીને જેવી કેસની જાણ થયેલી તેઓએ નકલો કઢાવેલી છે અને તરત જ સમય તરત જ માફ કરવાની અરજી દાખલ કરી દીધેલી છે તેવા સંજોગોમાં જે અરજીમાં કારણ જણાવેલ છે તે વ્યાજબી અને યોગ્ય જણાય છે. વધુમા વાદીએ કોઈ ઈરાદાપૂર્વ ઢીલ કરેલ હોય અથવા વિના કારણ બેસી રહેલ હોય તેવું જણાઈ આવતું નથી. વધુમા અરજદારની અરજી બાબતે વધારે પડતો ટેકનિકલ અભિગમ રાખવા બદલે વાદીને જે અરજી દાખલ કરવામાં મોડું થયેલું છે તે કારણ જણાવેલ છે તે વાજબી અને સતોષકારક જણાય આવતુ હોય અને અરજી દાખલ કરવામા થયેલ ઢીલ માફ કરવી વાજબી જણાતી હોય અ રજી ખર્ચ સાથે મંજૂર કર વી વ્યાજબી જણાતી હોય ન્યાય ના હીતમા  નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

# // હુકમ //

(૧) અરજદારની અરજી રૂપિયા ૫,૦૦૦/- ના ખર્ચ સાથે મંજુર કરવામા આવે છે અને અરજદારને ફરી ફાઈલે કરવાની અરજી કરવામા થયેલ ઢીલ માફ કરવામા આવે છે.

(૨) આ કામે અરજદારે ખર્ચની રકમ જીલ્લા કાનુની સેવા સતા મંડળ, વલસાડ ખાતે જમા કરાવવા.

આજ રોજ તારીખ ૧૫, માહે ઓકટોબર,સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
ASHWIN CHHAGANBHAI SAKHIYA
Reason: Verified
at vapi
on 15/10/2025 18:07:29 IST.

તારીખઃ- ૧૫/૧૦/૨૦૨૫

સ્થળઃ- વાપી.

(અશ્વિન છગનભાઈ સખીયા)
ત્રીજા અધિક સિનિયર સિવિલ જજ,વાપી.
કોડ નંબર જી. જે. ૦૧૪૧૮